ગાંધીનગર તા.૫/૬/૨૦૦૭

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
ગુજરાત રાજ્ય,

વિષયઃ- કારકુન/વહીવટી સહાયક અને પટાવાળા/સાથી સહાયક(વર્ગ ૪)ની પસંદગી માટેની ગુણાંકન પધ્ધતિ અંગે.

સંદર્ભઃ બોર્ડની તા. ૧૪/૫/૨૦૦૭થી ૧૯/૫/૦૭ની કા.સ.ના ઠરાવ ક્રમાંક/૩૫/૨૦૦૭

ઉક્ત વિષયે જણાવવાનું કે, રાજ્યની નોંધાયેલ માધ્યમિક/ઉ.મા.શાળાઓના કારકુન/વહીવટી સહાયક અને પટાવાળા/સાથી સહાયકની ભરતી માટેનું ગુણાંકન માળખુ કારોબારી સમિતિની તા.૧૪/૫/૦૭થી ૧૯/૫/૦૭ના રોજ મળેલ બેઠકના ઠરાવ નં. ૩૫/૨૦૦૭થી નક્કી કરવામાં આવ્યુ છે.જે ગુણાંકન માળખુ આ સાથે સામેલ છે.

રાજ્યની નોંધાયેલ તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કારકુન/વહીવટી સહાયક અને પટાવાળા/સાથી સહાયકની ભરતી માટે સામેલ ગુણાંકન મુજબ કાર્યવાહી કરવા તથા તેનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે આ અંગેની જાણ આપના જિલ્લાની નોંધાયેલ તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા વિનંતી છે.

સહી:-અવાચ્ય.
(વી.બી.નાણાવટી)
સચિવ
ગુજરાત માધ્ય.અને ઉ.મા.
શિક્ષણબોર્ડ, ગાંધીનગર.

ક્રમાંક/માધ્ય.૫-૧/૦૭-૦૮/ ૨૩૩૪-૨૮૬૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો,રાજકોટ
તારીખ. ૨૭/૬/૨૦૦૭

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્ય.ઉ.મા.
શાળાઓ રાજકોટ જિલ્લો,
રાજકોટ,

જાણ તથા અમલાર્થે..

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

કારોબારી સમિતિના તા.૧૪/૫/૦૭થી૧૬/૫/૦૭ની બેઠકના ઠરાવ
ક્રમાંક/૩૫/૨૦૦૭ કારકુન/વહીવટી સહાયકની પસંદગી
માટેની ગુણાંકન પધ્ધતિ....

| ક્રમ | લાયકાત | ગુણ | ગુણ ગણતરીની વિગત |
|---|---|---|---|
| ૧) | ધો.૧૨ (એચ.એસ.સી) અથવા ઓલ્ડ એસ.એસ.સી. | ૨૦ | - મેળવેલ ટકાના આધારે ૨૦ ગુણમાંથી આપવાના રહેશે. |
| ૨) | સ્નાતક કક્ષા. | ૧૦ | - ડીગ્રી(સ્નાતક કક્ષાએ મેળવેલ ટકાના આધારે ૧૦(દસ)માંથી ગુણ આપવાના રહેશે. |
| ૩) | અનુભવ | ૧૦ | રજી.માધ્ય./ઉ.મા.શાળાના કોઈપણ સંવર્ગના કારકુનના વહીવટી સહાયક અથવા અને વર્ગ ૪ના કર્મચારી/સાથી સહાયકતરીકેનો અનુભવ.<br>૧ વર્ષના ૨ ગુણ લેખે (વધુમાં વધુ૧૦)<br>છ માસ કે તેથી વધુ સમયને પુર્ણ વર્ષ ગણવાનું રહેશે. |
| | કુલગુણ.. | ૪૦ | |

નોંધ: સરકારશ્રી વખતો વખત નકકી કરે તેવી કોમ્પ્યુટરની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

### પટાવાળા/સાથી સહાયક(વર્ગ ૪)ની પસંદગી માટેની ગુણાંકન પધ્ધતિ

| ક્રમ | લાયકાત | ગુણ | ગુણ ગણતરીની વિગત |
|---|---|---|---|
| ૧) | લઘુતમ લાયકાત એસ.એસ.સી.(ધો.૧૦) પાસ | ૧૦ | - મેળવેલ ટકાના આધારે ૧૦ગુણમાંથી આપવાના રહેશે. |
| ૨) | ઉચ્ચતર લાયકાત. એચ.એસ.સી.(ધો.૧૨)પાસ | ૧૦ | - મેળવેલ ગુણના ટકાનાઆધારે(વધુમાંવધુ ૧૦ ગુણ મેળવવાપાત્ર થશે)<br>- જો ઓલ્ડ એસ.એસ.સી.પાસકર્યું હોયતો મેળવેલ ટકાના આધારે ૨૦માંથી ગુણ આપવાના રહેશે. |
| ૩) | અનુભવ | ૦૫ | - રજી.માધ્ય./ઉ.મા.શાળામાં સાથી સહાયક/પટાવાળા તરીકે અનુભવના વર્ષ દીઠ ૧ ગુણ(છ માસથી કે તેથી વધુ અનુભવને પુર્ણ વર્ષ ગણવાનું રહેશે) |
| ૪) | ડ્રાઈવીંગ લાયસન્સ | ૦૫ | - દ્વિચક્રી વાહનનું પાકુ લાયસન્સ ધરાવતા હોયતો પુરા ગુણ. |
| ૫) | સામાન્ય છાપ. | ૦૫ | - ઉમેદવારના ઇન્ટરવ્યુ સમયનો દેખાવ, ગુજરાતી ભાષા ઉપર પ્રભુત્વ, વાંચન, લેખન વગેરેના આધારે પાંચમાંથી ગુણ આપવાના રહેશે. |